વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૧ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જાન્યુઆરી ૬, ૨૦૨૬

# સેવા બેંકનો ૫૧મો વાર્ષિક અહેવાલ:

શ્રી મહિલા સેવા સહકારી બૅન્ક લિ. 'સેવા બૅન્ક'ની ૫૧મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં પાલડી, ટાગોર હૉલમાં મળી હતી. જેમાં મોટી સંખ્યામાં સભાસદ બેનો હાજર રહ્યા હતા.

સેવા બૅન્કના મેનેજિંગ ડિરેક્ટર જયશ્રીબહેને વિધિવત્ સભાની શરૂઆત કરી. તેમાં સહુ સભ્યો તથા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું. ઈલાબહેને યાદ કરતાં કહ્યું કે, ઘણા સંઘર્ષો અને મુશ્કેલીઓ વેઠીને આજે આપણી બેંક ૫૨માં વર્ષમાં પ્રવેશી છે તે જોઇ ઘણો આનંદ અનુભવાય છે. બસ આવી જ રીતે શ્રમજીવી બહેનો બેંક સાથે જોડાતી રહે અને આગળ વધતી રહે એ જ આશા.

વધુમાં જયશ્રીબહેને ઉપસ્થિત સૌ બહેનોને સેવા બેંકને શિડયૂલ બેંક બનાવવા બાબતની સમજ આપતા જણાવ્યું કે, રિઝર્વ બેંકના કાયદા અનુસાર બેંક પાસે ૧૦૦૦ કરોડનું ફંડ હોવું જોઈએ ત્યારે એ મોટી બેંક બને, જે હાલમાં બેંક પાસે ૩૫૦ કરોડનું ફંડ છે જેને વધારવા માટે આપણે સૌએ સાથે મળીને મહેનત કરવી પડશે.

સેવા બૅન્ક બોર્ડના ચૅરપર્સન જ્યોતિબહેન મેકવાને બૅન્કના સૌ સભાસદ બહેનોનું સ્વાગત કર્યુ અને વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો. જેમાં તેમણે હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, સન ૨૦૨૪-૨૫નું વર્ષ આપણે માટે ઉત્તરોત્તર વિકાસનું વર્ષ રહ્યું છે. આપણી બેંકના સ્થાપક આપણા માનીતા વડીલ ઈલાબહેન હવે આપણી સાથે નથી પણ તેમના આશીર્વાદ હંમેશા આપણી સાથે જ રહેલા છે. ઈલાબહેનની દીર્ઘદષ્ટિ, તેમની સમજ તથા તેમના જ્ઞાનને કારણે સેવાબેંકની લાખો શ્રમજીવી બહેનો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

'સેવા બેંક' સૌ બહેનોને બચત, ધિરાણ, વિમો, પેન્શન, ઉદ્યમી (એસ.એમ.ઇ.) વગેરે સેવાઓ આપે છે. સૌ ગ્રાહકોની નાણાંકીય સમજ અને આવડત વધે તેવી તાલીમો પણ આપે છે, જેનાથી સૌ બહેનોના જીવન સમૃદ્ધ બન્યા છે અને તેમના પરિવારની ''આર્થિક તથા શારીરિક સુખાકારી'' થાય તે જ આપણો ધ્યેય છે.

**બૅન્કની પ્રગતિના થોડા આંકડાઓ જોઈએ.**

**સભાસદ:** ચાલુ વર્ષે સભાસદની સંખ્યા વર્ષે ૧,૩૧,૫૫૯ની થઈ છે.

**શૅરભંડોળ:** ગયા વર્ષે શેરભંડોળ રૂ.૨૦,૬૯,૧૬,૩૧૦/- હતું. ચાલુ વર્ષે તેમાં રૂ.૨૦,૭૯,૪૩,૮૨૦/- નું થયું છે.

**થાપણો:** ચાલુ વર્ષે કુલ થાપણો રૂ.૩,૪૪,૮૪,૫૦,૦૦૦/- થઈ છે.

**થાપણ ખાતાં:** ચાલુ વર્ષે કુલ ૩,૧૯,૪૦૯ ખાતા થયા છે.

**કાર્યકારી મૂડી:** ગયા વર્ષે રૂ.૪,૬૮,૬૪,૨૩,૦૦૦/- હતી, જે ચાલુ વર્ષે કુલ કાર્યકારી મૂડી રૂ. ૪,૭૨,૫૦,૮૧,૦૦૦/- થઈ છે.

**ધિરાણ:** ગયા વર્ષે ધિરાણ લીધેલી બહેનોની કુલ સંખ્યા ૩,૪૨,૯૧૪/- હતી અને કુલ ધિરાણ રૂ. ૨,૧૫,૬૫,૮૭,૦૦૦/- હતું. ચાલુ વર્ષે ધિરાણ લેતા બહેનોની સંખ્યા ૩,૫૯,૧૮૬/- થઈ છે અને ધિરાણ રૂ. ૨,૧૮,૩૭,૭૦,૦૦૦/- થયું છે.

**નફો:** ગયા વર્ષે ચોખ્ખો નફો રૂ.૨,૫૭,૨૩,૦૦૦/- હતો. ચાલુ વર્ષે બૅન્કના ટેક્ષની જોગવાઈ કર્યા પહેલાનો નફો રૂ. ૨,૬૫,૮૬,૧૪૯/- છે. તેમાંથી રૂ. ૧,૪૪,૦૦,૦૦૦/-ની આવકવેરાની જોગવાઈ કર્યા બાદ રૂ. ૧,૨૧,૮૬,૧૪૯/- નફો થયો છે.

સૌનો આભાર માનતા સેવાબેંક તથા તેમાં જોડાયેલા સૌ બહેનોની ઉત્તરોઉત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવતા જ્યોતિબહેન વિરમ્યા.

સેવા બેંકના મેનેજર વંદનાબહેને જણાવ્યું કે, આપણી બેંક હજુ ૧૦૦૦ કરોડના ભંડોળે નથી પહોંચી તો આપણે પહોંચાડવી પડશે ને ! સેવા બેંકમાં બીજી-ત્રીજી પેઢી આવી, હવે ચોથી પેઢીને સેવા બેંકમાં જોડીશું અને બેંકને ખૂબ આગળ લઈ જઈશું.

આપણી સેવા બેંક શિડયૂલ બેંક બને એ સપનું ઈલાબહેનનું છે એટલે એ આપણે સહુએ સાથે મળીને કામ કરીશું તો ચોક્કસથી ૧૦૦૦ કરોડના ભંડોળે પહોંચીશું અને ઈલાબહેને જોયેલું સપનુ સાચું થશે. અને આપણે સેવા બેંકના ૫૦ વર્ષ પુરા થયે તેની ઉજવણી નથી કરી તો આવતી વખતે ૧૦૦૦ કરોડનું ભંડોળ લાવીને બેંકની ધામધૂમથી ઉજવણી કરીશું.

શ્રમજીવી બહેનોની બેંક એટલે 'સેવા બેંક', જેમાં ૧૦, ૨૦, ૩૦, ૧૦૦ રૂપિયા ભરીને પોતાની બચતો કરતી હોય અને લોન લઈને પોતાની જરૂરિયાતો પુરી કરતી હોય, ખાસ જ્યારે બેનને દેવુ થઈ ગયું હોય ત્યારે સેવા બેંક તેની સાથે હોય કારણ કે, એ આપણા શ્રમજીવીઓની બેંક છે અને એ ૫૨માં વર્ષમાં પ્રવેસે એ સૌથી આનંદની વાત છે, સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવતા 'સેવા'ના મંત્રી મનાલીબહેન.

વિતેલી યાદોને તાજા કરતાં મનાલીબહેને જણાવ્યું કે, 'સેવા'એ ઈલાબહેન હતા ત્યારે નક્કી કર્યું છે કે, 'સેવા'ને ૧૦૦ વર્ષ સુધી લઈ જવાની છે અને તેવી જ રીતે સેવા બેંકને પણ આગળ લઈ જવાની છે, જેમાં આપ સૌનો સાથ સહકાર જોઈશે. એના માટે આજની સભામાં આવેલા દરેક બેન ૧૦-૧૦ બેનોને બેંકમાં જોડે અને તેમને ૧૦ હજારની બચત કરાવે જેનું બેંક વ્યાજ આપશે અને આપણું ભંડોળ વધશે તો ચોક્કસથી આવતા માર્ચ સુધીમાં આપણે આપણા લક્ષ્ય સુધી પહોંચીશું.

સૌ બહેનોને પ્રણામ કહેતા સેવા અકાદમીના ડાયરેક્ટર નમ્રતાબહેને સેવા બેંકે ૫૧ વર્ષ પુરા કર્યા અને ૫૨માં વર્ષમાં પ્રવેશ કર્યો તેની શુભેચ્છા પાઠવી અને વધુમાં જણાવ્યું કે, આજે સેવા બેંકનો અહેવાલ સાંભળ્યો તેમાં જ્યોતિબહેને કરોડ કરોડના આંકડા બોલ્યા જે સાંભળીને ઘણો આનંદ થાય છે. આપણી બેંકની શરૂઆત બહુ જ નાની અને શ્રમિક બહેનોની બેંક તરીકે કરી હતી અને આજે આખી દુનિયામાં સેવા બેંકે પોતાની એક છબી બનાવી છે કે, એ ગરીબ બેનોની બેંક છે અને એની પાછળ આપણા મૂલ્યો છે. કોઈ પણ સંગઠન આટલું ચાલે તો, એના પાછળ એના મૂલ્યો હોય છે. સેવા બેંકે તેની પારદર્શકતા રાખીને સાચા રસ્તે ચાલી અને ગરીબ બેનોના પૈસાનો વહિવટ કર્યો છે. એટલે સેવા બેંક ઉપર હંમેશા વિશ્વાસ રાખજો. ૫૧ વર્ષ કોઈ સંગઠન કામ કરે એનો મતલબ છે એ બહુ જ સારી રીતે કામ કરે છે. નહી તો બે ત્રણ વર્ષમાં જ સંસ્થાઓ તૂટી જાય છે અને એ આપણે જોતા હોઈએ છીએ. મનાલીબહેને તો તમારી પાસેથી વચન લઈ જ લીધું છે અને હું પણ આજે તમારી પાસેથી એક વચન લેવા માંગુ છું, આવતા વર્ષે ટાગોર હોલ નહી પણ આપણે રિવરફ્રન્ટ ઉપર મોટી સંખ્યામાં સાબરમતીના કિનારે, ૧૦૦૦ કરોડ ભંડોળ એકત્ર કર્યુ હશે તેની ઉજવણી કરીશું. એટલે કે ૧૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ આપણે સહુએ ભેગા કરવાના છે. બધા સંગઠન વધારો અને બધી બહેનો પાસે બચત કરાવો. બચત લાવશો એટલે બેંક મોટી થશે અને શિડયૂલ બેંક જેવી બેંક થશે. જે આપણે જોઈએ છે તેવી બેંક બનશે. બહેનો કરકસર કરીને ઘર ચલાવે છે અને બચત કરવામાં માને છે અને એવી જ રીતે આપણે આપણી બેંક પણ ચલાવીએ. એટલે કે, થોડુ થોડુ કરીને જે બચત કરીએ એ આપણા જ ખાતામાં આપણા જ કુટુંબ માટે સેવા બેંકમાં સુરક્ષિત રહેશે અને તેનું વ્યાજ મળશે. એટલે દરેક બેન એક હજાર રૂપિયા તો મુકશે જ, તો આપણુ ખાતુ પણ સારું લાગશે અને આપણુ સંગઠન પણ વધુ મજબૂત બનશે.

સેવા બેંક પ્રેરણાનું પ્રતિક છે અને આગળને આગળ તરક્કી કરતી રહે એવી શુભકામના પાઠવતા વિમો સેવાના મિરાઈબહેન કહે, મારા ગુરુ ચંદાબહેન અને સુમનબહેનને આજના દિવસે યાદ કરું છું. એમને ઈલાબહેનને કીધેલું કે, ''આપણે ગરીબ છીએ, પણ કેટલાં બધા છીએ ?'' અને આપણે બધા જ સાથે જ છીએ. સંગઠન શક્તિ અને એકબીજાના સાથ-સહકાર સાથે આગળ વધતા રહીએ.

''મને ઈલાબહેનની એ વાત બહુ ગમે કે, બેનો પોતે માલિક હોય, આ શબ્દો હતા હાઉસિંગના બીજલબહેનના. શ્રમજીવી બેનોની બેંક એટલે સેવા બેંક, એ ઈલાબહેનનું સપનુ હતુ. બેંકની માલિકી શ્રમજીવી બેનોના હાથમાં જ છે અને રહેશે. બેનો બને તેટલી બચત કરો અને બેંકમાંથી લોન લઈ પોતાના ઘરના માલિક બનો.

શુભેચ્છા આપતાં જ્યોતિબહેને જણાવ્યું કે, જેમ સેવા એ ૫૦ વર્ષ પુરા કર્યા અને આજે ૫૪માં વર્ષમાં ૧૮ રાજ્યોમાં કામ કરે છે જેની ૩૨ લાખ સભ્ય સંખ્યા થઈ છે તે જ રીતે સેવા બેંકના

૫૨ વર્ષ થયા અને એની સભ્ય સંખ્યામાં પણ એવો જ વધારો થાય તે દિશામાં આગળ વધવાનું છે. અગાઉ આપણે કહ્યું હતુ કે, 'સેવા' ૧૦૦ વર્ષ પુરા કરશે, અને આજે અહીં બેનોએ કીધું કે, યુગાના યુગ થશે. એ કરવા માટે આપણે સૌએ સાથે મળીને મહેનત કરવી પડશે તો ચોક્કસથી 'સેવા' ને 'સેવા બેંક' યુગાના યુગ સુધી અવિરત રહેશે.

જયશ્રીબહેને સભાસદ બહેનોને ઓડિટ થયેલા વર્ષ ૨૦૨૪-૨૫નું હિસાબી સરવૈયું વાંચી સંભળાવ્યું જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું. સરવૈયામાં કરવામાં આવેલી રકમની ફાળવણી અને નફાની વહેંચણી સમજાવી.

સભાસદ બહેનોમાંથી રાધનપુર ગામના ખેતી અને પશુપાલન કરતા કાન્તાબહેન કહે, અમારા ગામમાં પણ સેવા બેંક આવે તો મારા જેવી બીજી બેનો પણ સેવા બેંક સાથે જોડાઇને સભ્ય બને અને બચત કરતી થાય.

બેંકના બોર્ડ ડિરેક્ટર ગીતાબહેન રાવળ કહે, હું માથોડા કામદાર છું. મારા વિસ્તારની બેનોના સેવા બેંકમાં ખાતા ખોલાવું છું બેનોને બચત કરાવીને લોન પણ અપાવવામાં મદદ કરું છું. હવે વધારે બેનોને બેંક સાથે જોડીશ અને સેવા બેંકને મોટી બનાવવા મારો પણ ફાળો વધારીશ.

સૌ બહેનોને અહીયા એક સાથે જોઇ ઘણો આનંદ થાય છે અહીયા બેઠેલા બધા બેનો પુરો પ્રયત્ન કરી રહ્યા છે કે, કઇ રીતે શ્રમજીવી બેનોની બેંક એકબીજાના સાથ-સહકારથી આગળ આવે અને બેનોના ભવિષ્ય ઉજળા બને તેના માટે પ્રયત્નો કરે છે. આમ બેંકના બોર્ડ ડિરેક્ટર અને ચાર્ટર્ડ એકાઉટન્ટ મૈત્રીબહેને જણાવ્યું.

બેંકના બોર્ડ ડિરેક્ટર સોનલબહેન કહે, હું માથોડા કામદારની દીકરી છું અને સેવાનું સંગઠન કરવાનું કામ કરું છું. સેવાની કામદાર બેનોને સેવા બેંકમાં કેવી રીતે જોડવા તેના માટે પ્રયાસો કરું છું. બાંધકામ કામદારો જે દાહોદના પ્રવાસી આદિવાસી કામદારો બહારગામથી કામ કરવા આવે છે તેમની પાસે કોઇ સુવિધા નથી એમની પાસે જઇને સંગઠનમાં જોડીને બેંક ખાતા ખોલાવ્યા છે અને બચત કરતા કર્યા છે. બેનો પણ આભાર માને છે કે, આ સેવા બેંક એક એવી બેંક છે જે અમારા સુધી આવીને અમારું બચત ખાતુ ખોલ્યું છે.

આપણી બેંકને આજે ૫૨ વર્ષ થયા છે એ આપણી બેનોની સિદ્ધિ છે અને એવી આશા સાથે બેંક ૧૦૦ વર્ષ પુરા કરશે...! એવી શુભેચ્છા પાઠવતા બેંકના ડિરેક્ટર લક્ષ્મીબહેન ગાળીયા. હું સેવા સંગઠન અને બેંક સાથે ૨૫ વર્ષથી જોડાયેલી છું. ઘરખાતા કામદારોનું સંગઠન કરું છું અને બેનોના બેંકમાં ખાતા ખોલાવું છું. સેવા બેંકની બેંકસાથી બેનો જે બેનોને ઘર આંગણે મદદરૂપ થાય છે જેમાં બેનો ઘરે બેઠા જ પોતાના પૈસા ભરી નાની-નાની બચતો કરી લોન લઇને સરળ હપ્તામાં લોન ભરપાઇ પણ કરે છે બસ એજ કહીશ કે, સેવા બેંકમાં બચત કરતા રહેજો અને બેંકનો લાભ લેતા રહેજો.

હું શાકભાજી વેચનાર, સેવાની બીજી પેઢી છું અને સેવા બેંકની બોર્ડ ડિરેક્ટર છું આમ કહેતા, કાન્તાબહેન પરમાર. મારે ખાસ એટલુ જ કહેવું છે કે, સેવા બેંક છે તો મારી જેવી ગરીબ શ્રમજીવી બેનો છે. મારા લગ્ન થયા ત્યારે મારે લાકડાનું ટાક-પતરી વાળું ઘર હતું, મેં સેવા બેંકમાંથી ૨૫ હજારની લોન લીધી અને મેં મારું ઈંટોનું પાકુ ઘર બનાવ્યું. થોડી થોડી બચત કરતી રહી અને કેટ-કેટલીય બેનોને બેંકમાં જોડતી રહી અને તેમને પણ બચત કરતા શીખવતી રહી. અત્યારે મેં મારું ૩ માળનું પાકુ ઘર બનાવ્યું છે તે પણ આ સેવા બેંકના આધારે. બેંકમાંથી જ લોન લઇને મેં મારા ગામડે પણ પાકું ઘર બનાવ્યું છે અને અહીયા મારે ધંધા માટે જે ગલ્લો ભાડે હતો તે પણ મેં ખરીદી લીધો છે. એટલે સેવા બેંકના સાથથી મને ઘણી રાહત છે.

ઈલાબેનનું સપનુ છે કે બેંક વર્ષો સુધી ચાલે. પણ એ ક્યારે ચાલે જ્યારે આપણે સૌ એકબીજાને સાથ-સહકાર આપીશું ત્યારે. આપણે આપણી જેવા બીજા બેનોને બેંક સાથે જોડીને બચત, ધિરાણ અને રીકરીંગ ખાતા ખોલાવશું તો આજે જે આંકડો બોલ્યા તેના કરતાં આવતા વર્ષે ડબલ આંકડા થશે અને જો ડબલ આંકડા થશે અને આજે જે નફો બોલ્યા ૧ કરોડ ૨૧ લાખ તો આપણે તો ૧૦૦ કરોડે પહોંચવાનું છે. તો એકબીજાના સહકારથી જેટલા બેનો જોડાય તેટલા બેનોને જોડીશું તો આપણા ઈલાબહેન પણ ખુશ થશે કે, બેંક આગળ જઇ રહી છે અને ગરીબ શ્રમજીવી બેનોને લાભ મળી રહ્યો છે. આમ વાત કરતાં છોટા ઉદેપુર જિલ્લામાં સંગઠનનું કામ કરતાં અને બેંકના બોર્ડ ડિરેક્ટર પૂર્ણિમાબહેન.

ગુજરાતમાં સેવા બેંકની ૧૩ શાખાઓ કાર્યરત છે, આજે આ સભામાં સૌ મેનેજર હાજર રહ્યા અને પોતાનો પરિચય આપ્યો.

મજામાં તો છો ને ? મારે તો એટલુ જ કહેવાનું છે કે, બેનો બચત કરો, લોન લઇ ઘર પોતાના નામે કરો અને મજામા રહો...! આમ કહેતા સેવા બેંકના કેયુરીબહેન. વધુમાં જણાવ્યું કે, બહારની બેંકમાં લોન લેવા જાવ તો સિબીલ જુએ છે, કે, બેનની શાખા તો સારી છે ને ? અગાઉ લીધેલી લોન સમયસર ભરી છે કે નહી ?

આઇ.ટી.આર પણ ભર્યો હોવો જોઇએ આ બધા ડોક્યુમેન્ટસ માંગતા હોય છે. બીજી બેંકો બેનોના નામે લોન નથી આપતી અને આપે તો પણ તેમાં ભાઇઓના નામ હોય છે. જ્યારે આપણી સેવા બેંકમાં બેનના નામે જ લોન આપે છે. તો બેનો વહેલા આવો, ખાતુ ખોલાવો અને બેંકના સભ્ય બનો.

આ સાંભળી ટાગોર હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠયો અને સૌ બહેનોએ એક નારો બોલ્યા, ''હમ સબ એક હૈ, ૧૦૦૦ કરોડ લાવીશું જ...!'' અંતમાં ''અમે પાર કરીશું'' ગીત ગાઇ સભા પુરી કરી.

**– ગોમતી**

❑

## રીસાયકલીંગ ક્ષેત્રમાં ડીસન્ટ કામને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ (આઈ.એલ.ઓ.) યોજેલ નિષ્ણાંતોની બેઠકમાં 'સેવા'

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ રીસાયકલીંગ ક્ષેત્રમાં ડિસન્ટ કામને પ્રોત્સાહન આપવા માટેની પોલીસી ગાઈડલાઈન્સ બને તે માટે આ ક્ષેત્રના નિષ્ણાંતોની એક ત્રિપક્ષીય બેઠક જીનીવામાં યોજાઈ . જેનો મુખ્ય હેતુ એ જ હતો કે, આ ક્ષેત્રમાં ડિસન્ટ કામ અપનાવવા માટે કઈ કઈ મુશ્કેલીઓ આવે છે અને તેનો ઉકેલ લાવવો..

આ ત્રિપક્ષીય મીટીંગમાં આઠ કામદારોના, આઠ સરકારનાં અને આઠ માલિકોના પ્રતિનિધિઓને આમંત્રિત કરેલાં. કામદારોના પ્રતિનિધિ મંડળમાં ઇન્ડસ્ટ્રી ઓલ ગ્લોબલ યુનિયન,પબ્લિક સર્વિસ ઇન્ટરનેશનલ અને આંતરરાષ્ટ્રીય મજૂર મંડળોનો મહાસંઘ (આઈ.ટી.યુ.સી) તેમજ તેમની સાથે સંકળાયેલા સંગઠિત અને અસંગઠિતક્ષેત્રના મજૂર મંડળોના આઠ પ્રતિનિધિઓ હતાં .જેમાં સેવા એ પણ એક નિષ્ણાંત તરીકે ભાગ લીધો. આ રીસાયકલીંગ કામદારોનું પ્રતિનિધિત્વ કરતા પ્રતિનિધિમંડળ ૨૦ કરોડ આ ક્ષેત્રના કામદારોનું પ્રતિનિધિત્વ કરતાં હતા. આ બેઠકમાં માલિકો તેમજ સરકારનું પણ મજબૂત પ્રતિનિધિમંડળ રહ્યું.

'સેવા' શરુઆતથી જ વેસ્ટ રીસાયકલર્સ સાથે કામ કરે છે અને છેલ્લા ૧૨ વર્ષથી અલંગ શીપબ્રેકીંગ યાર્ડની ડાઉન સ્ટ્રીમ ઇન્ડસ્ટ્રી એટલે કે, જહાજો તોડતાં જે ભંગાર નીકળે તે ભંગાર કામદારો લાવીને તેને તોડીને તેમાંથી જૂદા -જૂદા પ્રકારની ધાતુઓ કાઢી વેચીને ગુજરાન ચલાવતા કામદારો તેમજ એન્કર રોપને કુહાડીથી કાપી, છુટા પાડી, ધોઈને પીગાળીને તેમાંથી પાટીઓ બનાવવાનું કામ કરતાં કામદારો સાથે કામ કરે છે, આથી,વેસ્ટ રીસાયકલર્સ તેમજ અલંગ શીપબ્રેકીંગ યાર્ડની ડાઉન સ્ટ્રીમ કામદારોની પરિસ્થિતિની વાત અને તેના ઉકેલની વાત આ બેઠકમાંની ચર્ચામાં લઈને તેમનો સમાવેશ નીતિમાં અને ગાઈડલાઈન્સમાં થાય તે ખૂબ જરૂરી હતું.

કારણ કે, આ રીસાયકલીંગ ક્ષેત્રના કામદારો સર્ક્યુલર ઈકોનોમીમાં મહત્વની ભૂમિકા ભજવે છે જે પર્યાવરણ અને જાહેર આરોગ્યનું રક્ષણ કરે છે. આ ક્ષેત્રમાં ડિસન્ટ કામના રોજગારની ખૂબ તકો છે છતાં પણ, તેમાં મોટાભાગના કામદારો કે જે, અસંગઠિત ક્ષેત્રનાં છે જેમના કામની કોઈ નોંધ નથી લેવાતી, જે અદ્રશ્ય છે, અસુરક્ષિત છે. ઓછા વેતનમાં અસુરક્ષિત પરિસ્થિતિઓમાં કામ કરે છે. તેમની સાથે ભેદભાવ થાય છે અને કામદાર તરીકેનાં મૂળભૂત અધિકારોથી દૂર રાખવામાં આવે છે. રીસાયકલીંગ ક્ષેત્રમાં મોટાભાગે સ્ત્રી કામદારો, સ્થળાંતરીત કામદારો અને યુવાન કામદારો છે. જેમના પાસે બીજું કોઈ કામ કરવાની તકો નથી તેવાં કામદારોનો અવાજ આ બેઠકમાં પહોંચે, તેના પર ચર્ચા થાય તે 'સેવા' માટે ખૂબ અગત્યનું હતું. સેવાએ આ બેઠકમાં જે રજૂઆત કરી તેનાં મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે રહ્યા;

૧.વેસ્ટ રીસાયકલર્સ કામદારોને જળવાયુ પરિવર્તન ઘટાડનાર તરીકે માન્યતા આપવી. ગાઈડલાઈન્સમાં માત્ર રીસાયકલીંગ ટેકનોલોજીની સમજ નહીં પરંતુ, આ કામદારો પોતાના આરોગ્યના ભોગે જોખમી કચરો ઉપાડી, છૂટો પાડી અને પર્યાવરણને સ્વચ્છ રાખે છે, તેમ છતાં તેમની કામગીરીની કોઈ નોંધ લેવાતી નથી, તે વાત પણ આવવી જોઈએ.

૨.ગાઈડલાઈન્સમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં કામદારોની ભૂમિકા અને તેમની જરૂરતોનો સ્થાનિક તેમજ પ્રાદેશિક દૃષ્ટિકોણથી સમાવેશ થવો જોઈએ.

૩.આ માર્ગદર્શિકાના અમલીકરણમાં જહાજ ભાંગવાના ઉદ્યોગ સાથે સંકળાયેલા પાયાના રીસાયકલીંગ કામદારોનો સમાવેશ કરવો તેમજ ઈ-વેસ્ટ કામદારો માટે વૈશ્વિક ચર્ચા કરવી જરૂરી છે.

૪.કચરાને છૂટો પાડવા માટે અમુક નિયત જગ્યાઓ ફાળવવાની તેમજ ડમ્પ સાઈટ પર કામ કરતાં કામદારો માટે શૌચાલય,પાણી વગેરે જેવી માળખાગત સુવિધાઓ પૂરી પાડવી.

૫.આ ક્ષેત્રમાં મોટા ભાગે સ્ત્રી કામદારો છે જેમને સામાજિક સુરક્ષા જેમાં, આરોગ્ય, વીમો, બાળ સંભાળ અને તેમના બાળકોને

શિક્ષણ મળે તેમજ ધંધાકીય આરોગ્યની સલામતી મળવી જોઈએ.

૬. આ ગાઈડલાઈન્સમાં માત્ર પ્લાસ્ટિક વેસ્ટ નહીં પણ બધા જ પ્રકારના વેસ્ટનો સમાવેશ થવો જોઈએ. કારણ કે, વેસ્ટ રીસાયકલર્સ ૨૦ થી ૨૫ થી પણ વધારે પ્રકારનો વેસ્ટ વીણતા હોય છે.

૭. 'સેવા'એ સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તમામ સ્તરે કામદારો અને તેમના સંગઠનોની ભાગીદારી સાથે સહભાગી સામાજિક સંવાદની જરૂરિયાત પર ભાર મૂક્યો. અસંગઠિત ક્ષેત્રના કામદારોને નાણાંકીય અને ડીજીટલ સાક્ષરતાની જરૂરિયાતની વાત મૂકી તેમજ આ શ્રમજીવીઓ ડીજીટલ ડીવાઈડનો ભોગ ના બને તે જોવાની જરૂર છે.

૮. આ કામદારો દ્વારા ચાલતી સંસ્થાઓને સોલીડવેસ્ટ મેનેજમેન્ટના કામની ફાળવણી વખતે તેમજ ટેન્ડરની પ્રક્રિયામાં પ્રાથમિકતા આપવી જરૂરી છે.

આશા છે કે, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાની આ ગાઈડલાઈન્સથી અસંગઠિત ક્ષેત્રના ગરીબમાં ગરીબ વેસ્ટ રીસાયકલીંગ ક્ષેત્રના કામદારોને એક રક્ષણ મળે.

**- રશીમ**

❑

## ખુશ ખબર... ખુશ ખબર... માથોડા કામદારોનો ભાવ વધારો

તાજેતરમાં અમદાવાદના રાયપુર વિસ્તારમાં આવેલી જથ્થાબંધ કાપડ બજારોમાં ૧૦૦૦થી વધુ માથોડા-હાથલારી કામદારો કામ કરે, તેમનો ઓછામાં ઓછો માસિક ૨૦૦૦થી ૨૫૦૦ રૂપિયા સુધીનો ભાવ વધારો થયો.

કાપડ મહાજન સાથે રહીને સેવાના માથોડા કામદારોને ભાવ વધારો કરાવ્યો. રાયપુર સફલ-૧,૨ અને ૩માં માથોડા કામદારોનો ૨ વર્ષ પહેલાં ભાવ વધારો થયો હતો અને કામદારો ૨ વર્ષ પુરાં થતા જ વારંવાર ભાવ વધારો કરવા કહેતા હતા ત્યારે ૨૦૦ થી વધારે કામદારો ભેગા થયા અને મિટીંગ કરી જેમાં આપણે ભાવનું લીસ્ટ તૈયાર કર્યુ હતુ તે રજૂ કર્યુ. મિટીગમાં આવેલા એસોસિએશનના માલિકોને આ લીસ્ટ આપ્યું જેમણે કહ્યું કે, આપણે એસોસિએશનની મિટીગમાં આ વાત મૂકીશું અને પછી તમને કહીશું.

વળી એક મહિનો થયો અને પાછા આગેવાનોનું મોટું ટોળુ ભેગુ થયું અને સેવાના બેનો સાથે મહાજનની ઓફિસે ગયા. તેમને તાત્કાલિક એક મિટીગ બોલાવીને ભાવ વધારાની ચર્ચા કરી. આપણે ભાવ વધારાની સાથે સાથે એ પણ ઉલ્લેખ કર્યો કે, મોંઘવારી વધતી જાય છે, પુલ તૂટી ગયા છે, ટ્રાફિકની સમસ્યા વધી ગઇ છે. આ વાંચીને મહાજને ભાવ વધારો નક્કી કર્યો.

- પાર્સલ સિવવાના ૫ રૂપિયા વધારો આપ્યો જેના એક પાર્સલના ૪૫ રૂપિયા ભાવ થયો.
- પાર્સલ ટ્રાન્સપોર્ટમાં નાખવાના ૧૦ રૂપિયા વધીને ૬૦ રૂપિયા થયા છે.
- અંદરો-અંદર ઝભલાંમાં નાખવાના ૫ રૂપિયા વધીને ૪૦ રૂપિયા થયા છે.
- પાંચકુવાથી કાલુપુર ઝભલાંના ૫ રૂપિયા વધીને ૬૦ રૂપિયા થયા છે.
- પોટલા ચડાવવાના ૫ રૂપિયા વધીને ૨૫ રૂપિયા ભાવ થયો છે.

ભાવ તો વધી ગયો પરંતુ, અમૂક વેપારી ભાવ નહોતા આપતા. વળી પાછી ૩૦૦ કામદારોની મિટીગ કરી અને સફલ-૧ અને સફલ-૨ માર્કેટમાં એક દિવસની હડતાળ પાડી. અમૂક માલિકોએ પોલિસ પણ બોલાવી અને કામદારોને પૂછ-પરછ કરી. કામદારોએ કહ્યું કે, અમે કોઇને હેરાન નથી કરતાં. અમને તો અમારો કામનો વધારો મળે તેના માટે હડતાળ પાડી છે. આમ અંતે ભાવ વધારો મળ્યો ખરો.

**- અનિષા, સોનલ**

❑

## શ્રદ્ધાંજલિ

## જમાલપુર બજારના નિડર આગેવાન આપણા શાન્તાબહેન



જમાલપુર બજારના નિડર આગેવાન. સેવાના જુના કારોબારી અને ઉપપ્રમુખ અને નિડર આગેવાન શાન્તાબહેનને સેવાના સભ્યો, આગેવાનો અને સેવાની ટીમ વતી સત્ સત્ વંદન.

શાન્તાબહેન હવે આપણી વચ્ચે નથી તેનું દુઃખ હંમેશા રહેશે. જ્યારે પણ શાન્તાબહેનના ફોનની રીગ આવે ત્યારે અમે

સાવધાન થઈ જતા, કેમ કે જ્યાં સુધી પરિસ્થિતિ તેમના નિયંત્રણમાં હોય ત્યાં સુધી તે અમને ફોન પણ ન કરે પરંતુ પરિસ્થિતિ વણસે ત્યારે તેઓ અમને ફોન અને પોલીસ તેમજ કોર્પોરેશનમાં પણ તેમની ધાક હોય. જયારે પણ નવા પી.આઇ. કે એસ્ટેટ ઓફિસર આવે તો તેઓ અગાઉથી દરેક વેચનાર ને વ્યવસ્થિત રીતે બેસવાનું કહેતા.

સભ્યો પણ તેમનું એટલુ જ માન જાળવતા તે પછી સભ્ય સંખ્યા લેવાની હોય કે વાર તહેવારની ઉજવણી કરવાની હોય તેમની દરેક વાતને સભ્યો ટેકો આપતા. આ તો થઈ જમાલપુર બજારની તેમની આગેવાનીની વાત, પરંતુ ‘સેવા’માં પણ તેઓ એક ઝુંબેશ ટીમ નહી પણ એક વડીલ તરીકે હતા. અમારી કોઇ ભૂલ થાય તો એક વડીલની જેમ ઠપકો આપતા અને એટલા જ પ્રેમથી ચા પણ પીવડાવતા. જો આપણે ના કહીએ તો અમારુ તો આવી જ બને. એવા પ્રેમાળ શાન્તાબહેન હંમેશા આપણી યાદોમાં જીવંત રહેશે.

જયારે હું સેવામાં જોડાઇને ત્યારે ટીમ સાથે પહેલી વખત જમાલપુર વિસ્તારમાં ગયા ત્યારે મેં શાન્તાબહેનને પહેલી વાર જોયા. એમને જોતા જ હું વિચારતી કે, શાન્તાબહેન કેવાં આગેવાન જાણે, રાણી લક્ષ્મીબાઇ જેવાં હિંમતવાળા નિડર બેન છે. મેં અનુભવ્યું છે જયારે કોઇ પણ વાત હોય કે કોઇ ચર્ચા કરવાની હોય તો જો શાન્તાબહેન બજારમાં એક અવાજ કહેતા બૂમ નાખી હોય તો તરત જ બધા સભ્યો હાજર થઈ જતા. એટલો તેમનો બુલંદ અવાજ હતો. જમાલપુર બજારમાં માન પણ તેમનું એટલું જ હતુ.

શાન્તાબહેન અમને શીખ આપતા કે, તમે નાની દીકરીઓ છો પણ, આવું જ ‘સેવા’ માટે કામ કરજો, તો સેવા ૫૦ વર્ષ ચાલી છે ને આવી જ રીતે ૧૦૦ વર્ષ સુધી તમે લોકો જ લઇ જશો તેવી આશા છે.

તેમની નિડરતા ભરી વાતો સાંભળી અમને પણ પ્રેરણા મળતી. તેમનો સ્વભાવ પણ એટલો જ મીઠો. હજુ પણ અમારા કાનમાં ગુંજે છે. હાલમાં ત્યાંથી નીકળીએ તો એમની જગ્યા પર નજર પડે ને તેમની યાદ આવે.

એવા શાન્તાબહેનને અમારા કોટી કોટી વંદન.

**- ચંપા. એ. પટણી, આરતી પટણી**

❑

## ‘સેવા’ના માજી કારોબારી આગેવાન

‘સેવા’ના માજી કારોબારી આગેવાન જમાલપુરમાં શાકભાજી વેચતા શાંતાબહેનને અમે ઘણા નજીકથી જાણ્યા છે અને જોયા છે. શાન્તાબહેન ખૂબ હિમ્મતવાળા અને બહાદૂર હતા. જમાલપુરના વેચનાર સભ્યોને જયારે પણ કોર્પોરેશનના દબાણનો પ્રશ્ન હોય કે પોલીસ જો કોઇ રીતે હેરાન કરે તો શાન્તાબહેનના હાવભાવ અને તેમના અવાજથી તેઓ પાછા પડી જતા. જયારે પણ કોઇ સભ્યોના પ્રશ્ને ત્યાં જઇએ તો તેમના કડક સ્વભાવથી સભ્યો તેમનું માની પણ લેતા.

વેચનાર સભ્યને કંઇ પણ તકલીફ હોય તો હંમેશા મદદ માટે તૈયાર હોય.

તેમના થડા પર જઇએ તો ચા-પાણી પીધાં વગર તો આવવા જ ન દે. ના પાડીએ તો પણ તેમનો મીઠો સ્વભાવ જોઇને ચા પીવાનું મન થઇ જાય. પુરુ જમાલપુર તેમનાંથી હર્યુ-ભર્યુ લાગતું. પણ હમણાં જ ૩૦-૧૦-૨૦૨૫ના રોજ તેમનું અવસાન થયું. હવે તેમના વગર જમાલપુરમાં સુનાપણું લાગે છે.

એક નિડર, માયાળુ સ્વભાવ અને આદર્શ વ્યક્તિત્વ ધરાવતા આગેવાનની ખોટ ‘સેવા’ને પડી છે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**- મેઘા પટણી, હેતલ પરમાર**

❑

## હસમુખા પ્રેરણાદાયી સુશીલાબેન



સુશીલાબેનને યાદ કરતાં સૌ પ્રથમ તો તેમનો હસતો ચહેરો જ સામે આવી જાય. દરેક કામગીરી અને પરિસ્થિતિમાં તેમનો ઉત્સાહ ભારોભાર હતો.

સંશોધનની કામગીરીમાં સાચી માહિતી લેવી એ તો એમને એક રમત વાત. શ્રમજીવી બહેનો પાસેથી માહિતી લેતી વખતે તે એકદમ તેમાં ઓતપ્રોત થઈ જતાં. એમનું આ મનગમતું કામ. માહિતી લેવાનું કામ તે જેટલું ચીવટથી અને કૂનેહપૂર્વક કરતાં એટલું જ તેનું લખાણ પણ સચોટ અને ગુજરાતી ભાષાની પકડ સાથે કરતાં. ગુજરાતી લખાણમાં તે પ્રૂફ રીડીંગ પણ સરસ રીતે કરે. આ બધી ખૂબીઓને લીધે જ તેઓ બહેનોની પ્રોફાઈલ અને કેસસ્ટડી લેવાના માસ્ટર. હા, કોઈપણ કાર્યક્રમ કે કામગીરીનું દસ્તાવેજીકરણ પણ એકદમ સચોટ અને સંપૂર્ણપણે કરતા. અત્ થી ઈતિ તમામ માહિતી અને મુદ્દાઓ તેમાં આવરી લે. તે સાથે તેમનું અનુભવી નિરીક્ષણ તો ખરું જ. તો આ હતા અમારા અન્નપૂર્ણા સુશીલાબેન. જયારે પણ ભૂખ લાગે તો તેમના થેલામાંથી કંઈક તો મળે જ. તૈયાર થવાના પણ એટલા જ શોખીન. સુશીલાબેન તમે અમને હંમેશા યાદ આવશો. ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એવી અમારી હૃદયપૂર્વક પ્રાર્થના છે.

**- જિજ્ઞાસા દવે,**
**સંશોધન વિભાગ- 'સેવા અકાદમી'**

❑

## નિઃસ્વાર્થ, નિષ્ઠાવાન અને સાદગીમાં જીવનાર આગેવાન લીલાબહેનને શ્રદ્ધાંજલિ...



'સેવા'માં સંગઠન અને સંકલિત અભિગમથી કામ કરનાર આગેવાન લીલાબેનનું ત્રણ દિવસની માંદગી બાદ અવસાન થયું. ગાંધીનગર જિલ્લાને મોટી ખોટ પડી. ૧૯૮૬માં સેવાના સભ્ય બન્યાં. સભ્યોનાં કામ કરતા કરતા છેલ્લા ૩૦ વર્ષથી જિલ્લામાં આગેવાન તરીકે સતત કાર્યરત રહેનાર લીલાબહેનની વાત જ અલગ રહી. નિઃસ્વાર્થ, નિષ્ઠાવાન અને સાદગીમાં જીવનાર લીલાબહેન સેવાના મૂલ્યોને ખરા અર્થમાં જીવ્યાં. ગામ આદરજના નિવાસી. ગામમાં બધાં તેમને સેવાનાં બહેન લીલાબહેનના નામથી ઓળખે.

સેવા સાથે દાયણબહેનથી જોડાયા. ત્યાર બાદ આગેવાન બન્યાં. તેમનાં જ ગામનાં ખેડૂતોને સંગઠિત કરીને ખેડૂમંડળ બનાવ્યાં. બેન્કમાં ખાતા ખોલીને બચત કરતા કર્યાં. ખેડૂત તાલીમ કેન્દ્રમાં ખેડૂતોને વિવિધ તાલીમો અપાવી. આત્માનાં મંડળો સાથે જોડાણ કર્યાં. બિયારણ ખાતર બધું જ ખેડૂત સભ્યો ને પુરૂં પાડતા. સંગઠનના કામમાં ઘરે ઘરે ફરી બહેનોને સેવાની સમજ આપતા પાવતી પણ બેનોને આપતાં. એમણે ૫૯૮૫ બેનોને સંગઠનમાં જોડ્યાં. રૂડીનું વેચાણ મહિને ૪૦૦૦૦ થી ૫૦૦૦૦ કરતાં. પૈસા જમા કરાવા આવે તો પાકીટમાં પૈસા ના હોય, રૂમાલ બાંધી થેલીમાં પૈસા લાવે. આ નિયમ છેક સુધી રહ્યો. હંમેશા થેલી જ લાવે તે પણ કાપડની.

એમનાં ગામમાં ગ્રામહાટમાંથી ખેડૂત સભ્યોને લોન આપી હતી પણ સમયસર લોન પોતે ભરી દેતા પછી સભ્યો પાસેથી રીકવરી લાવતાં આવા હતા આપણા લીલા બેન. નેક અને ઈમાનદાર.

તાપમાનના વીમો લેવા આદરજ ગામમાં ગઇ ત્યારે તેમને મળવાનું થયું. મળી તો એવાં જ અડીખમ. તેમનાં જ ફળિયાનાં બહેનોના, ઘરની દિકરીઓ અને વહુઓના વીમા અપાવ્યાં. બહેનો પાસેથી સભ્ય ફી લઈને પણ આપી. તેમનાં કુટુંબમાં સૌ કોઇ તેમને

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024


માને. આશરે ૪૦ થી ૫૦ સભ્યોનો પરિવાર. સંગઠનની ખરી સમજ તો તેમના પરિવારને એકસાથે જોઈને જ થઈ જાય.

સેવાનું કોઈ પણ કામ હોય તો તેમાં આગેવાની તો લીલાબાની જ હોય. જમવામાં બાજરીનો રોટલો, લસણની ચટણી, કાંતો બાજરીનો રોટલો અને દૂધ જ હોય.

એમણે ઈલાબેન અને રમેશભાઈ ભટ્ટ સાથે 'શ્રી કિષ્ણા દાયણ મંડળી'ની કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી. પુનૅજીવન કાર્યક્રમ અંતર્ગત Know your body (તમે તમારા શરીરને ઓળખો)ના સર્વેના ક્લાસ અને તાલીમ પણ કરી. ગાવામાં માહિર... એમનું 'હિરલો ગુમાવ્યો આખા હિંદનો' ઈલાબેન હંમેશા આ ગીત ગવડાવતા.

ખેતીમાં સારી કામગીરી બદલ લીલાબેનને એવોર્ડ પણ મળ્યા છે. 'આત્મા' ખેડૂમંડળે ઓર્ગેનિક ખેતીકામ અને બહેનોને સારા ખેતી તાલીમકાર તરીકે તેમનું સન્માન કર્યું હતું. હૈદરાબાદમાં પણ એમને શિલ્ડ મળ્યો હતો. આવા દરેક કામમાં પાવરધા એવા લીલાબેનની સેવાને હંમેશા ખોટ રહેશે. ભગવાન એમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી અભ્યર્થના...

**- તારા નાયક,**
**ગાંધીનગર જિલ્લો**

❑

## અનસૂયા

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/- નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-1-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]